# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
## સંશોધન સમિતિની સાતમી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની સાતમી બેઠક તા. ૩૦/૦૧/૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે માન.કુલપતિશ્રી પ્રો.ગોપબંધુ મિશ્રના અધ્યક્ષ સ્થાને કોન્ફરન્સ હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો.ગોપબંધુ મિશ્ર,માન.કુલપતિશ્રી

(૨) ડો.દશરથ જાદવ, કુલસચિવશ્રી

(૩) ડો.લલિતકુમાર પટેલ, અધ્યક્ષશ્રી,અનુસ્નાતક ભવન

(૪) ડો.પ્રિ.એન.એલ.પંડયા, આચાર્યશ્રી, સંસ્કૃત કોલેજ

(૫) પ્રો.એમ.એ.દવે

(૬) ડો.આશાબેન માઢક

(૭) ડો.જાનકીશરણ આચાર્ય

(૮) ડો.કાર્તિક પંડયા, સભ્ય સચિવ

સૌ પ્રથમ સંશોધન અધિકારીશ્રી દ્વારા તમામ સભ્યશ્રીઓનું સ્વાગત–અભિવાદન કરવામાં આવ્યું. ત્યારબાદ માન.કુલપતિશ્રીની સહમતિ મેળવી તમામ મહાનુભાવોને સંશોધન સમિતિ બેઠકનાં એજન્ડા વિષે જણાવવામાં આવ્યું હતું અને તે અંગે એજન્ડા પર ચર્ચા વિચારણા કરી તમામ મહાનુભાવોનું મંતવ્ય મેળવી અને નીચે મુજબનાં નિર્ણયો કર્યા.

(૧) યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષથી અત્રેની યુનિવર્સિટીમાં પીએચ.ડી.કરી રહેલા શોધછાત્રોને છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટ માટે કમિટિ સમક્ષ પોતાનું થયેલ સંશોધન કાર્યનું પ્રેઝન્ટેશન કરવા માટે તા.૦૮/૦૧/૨૦૨૧ થી તા.૧૨/૦૧/૨૦૨૧ દરમ્યાન બોલાવવામાં આવેલા હતા. જે વિદ્યાર્થીઓ આ તારીખ દરમ્યાન આવેલા હતા અને જેમણે પોતાનું પ્રેઝન્ટેશન કરેલ હતું તે સિવાયનાં બાકી રહેલા વિદ્યાર્થીઓને તા.૦૪ થી ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૧ દરમ્યાન ફરી બોલાવવાનું નકકી કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતે વિસ્તૃત ચર્ચા કરતા શોધછાત્ર જયારે પોતાનું છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટનું પ્રેઝન્ટેશન કરવા માટે કમિટિ સમક્ષ ઉપસ્થિત રહે ત્યારે તે શોધછાત્રને વધુ સમય ફાળવવો જોઈએ, જેમાં ૧૫ મિનિટ શોધછાત્રને તેમજ ૫ મિનિટ શોધછાત્રનાં માર્ગદર્શકશ્રીને ફાળવવા જોઈએ તેમ નકકી કરવામાં આવ્યું.

છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટ અંગ્રેજી અને સંસ્કૃત બંને ભાષામાં તૈયાર કરવો તેમ નકકી કરવામાં આવ્યું. પ્રેઝન્ટેશન માટેનો રિપોર્ટ અધ્યક્ષ અને સંકાય ડીનશ્રી લેખિતમાં આપશે તેમ નકકી કરવામાં આવ્યું.

છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટ કમિટિમાં વિષય નિષ્ણાંતશ્રીને બોલવવા અંગે ચર્ચા કરતા હાલ બાહય વિષય નિષ્ણાંતશ્રીની જરૂર ન હોય તેમને ન બોલવવા અંગે ભલામણ કરવામાં આવે છે.

Shree Somnath Sanskrit University • VERAVAL

છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટ કમિટિ સમક્ષ શોધછાત્રએ રજૂઆત કેવી રીતે કરવી તે માટેનું એક ચૌકકસ સ્વરૂપ (ફોર્મેટ) બનાવવા માટે સમિતિ ડો.જાનકીશરણ આચાર્ય અને ડો.કાર્તિક પંડયાનાં નામની ભલામણ કરે છે. આ કમિટિમાં અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષ, આચાર્યશ્રી,જે તે વિભાગનાં ડીનશ્રી, માર્ગદર્શકશ્રી તથા જે તે વિષયનાં વિભાગાધ્યક્ષશ્રી અથવા સિનીયર પ્રોફેસરશ્રી રહેશે તેવી ભલામણ કરવામાં આવી.

(૨) યુ.જી.સી.નિયમાનુસાર રેફરશ્રીઓનાં નામોની નવી યાદી જે તે સંકાય અધ્યક્ષશ્રી પાસેથી મેળવી આગળની પ્રક્રિયા યથાવત અનુસરવા સમિતિ ભલામણ કરે છે.

એમ.ફિલ./પીએચ.ડી.નાં મૂલ્યાંકનનાં ફોર્મમાં જે તે મૂલ્યાંકનકારશ્રી પાસેથી તેઓ ૬૨ વર્ષથી ઓછી ઉમરનાં છે તેવી બાહેંધરી લેવા સમિતિ ભલામણ કરે છે.

એમ.ફિલ.લઘુશોધ પ્રબંધનું મૂલ્યાંકન હવે પછીથી એક જ મૂલ્યાંકનકર્તા પાસે થવાનું હોય સમિતિ યુનિવર્સિટી પરિસર બહારનાં અને ગુજરાત રાજયનાં મૂલ્યાંકનકર્તાશ્રીઓ પાસે મૂલ્યાંકન કરાવવાની ભલામણ કરે છે. તેમાં અત્રેની યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયોનાં પીએચ.ડી.થયેલા પ્રધાનાચાર્યશ્રી/નિયામકશ્રીઓનો સમાવેશ કરવા ભલામણ કરે છે.

(૩) અત્રેની યુનિવર્સિટીમાં પીએચ.ડી.કરી રહેલા શોધછાત્રોનાં શીર્ષક બદલવા માટે આવેલ અરજી અંગે ચર્ચા વિચારણા કરતા શોધછાત્રોને બે વર્ષથી વધુ સમય થઈ ગયેલ હોય તેઓનાં શીર્ષક બદલવા અંગે છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટ કમિટિએ ભલામણ કરેલ હોય શીર્ષક પરિવર્તનની સમિતિ ભલામણ કરે છે.

હવે પછીથી વિદ્યાર્થી પોતાનું શીર્ષક બદલવા માંગતો હોય તો તેમનાં રજીસ્ટ્રેશનથી એક વર્ષ સુધીમાં પોતાનાં શીર્ષકમાં પરિવર્તન કરી શકે તેમ ભલામણ કરે છે. આ સમય મર્યાદા બાદ શીર્ષકમાં પરિવર્તન કરી શકાશે નહીં.

(૪) યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પીએચ.ડી.ની પરીક્ષાનું ઘોષિત કરવામાં આવેલ પરિણામ અંગે તમામ સભ્યશ્રીઓએ સંતોષ વ્યકત કર્યો અને પાસ થયેલા વિદ્યાર્થીઓને પાસીંગ પ્રમાણપત્ર આપવાનું નકકી કરવામાં આવ્યું. તેમજ પાસ થયેલા વિદ્યાર્થીઓનો કોર્ષ વર્ક ઓફલાઈન પધ્ધતિથી આગામી તા.૦૮/૦૩/૨૦૨૧થી તા.૨૦/૦૩/૨૦૨૧ સુધીમાં પ્રતિદિન પાંચ(૫) વ્યાખ્યાન લેખે આયોજિત કરવા સમિતિ ભલામણ કરે છે. વધુમાં તા.૨૨/૦૩/૨૦૨૧ તથા તા.૨૩/૦૩/૨૦૨૧નાં રોજ પીએચ.ડી.માં પ્રવેશ આપવા માટેની આર.ડી.સી.નું આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.

સમગ્ર પીએચ.ડી.કોર્ષ વર્કનું આયોજન યુ.જી.સી.નિયમાનુસાર કરવા સમિતિ ભલામણ કરે છે. પીએચ.ડી.પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણને ધ્યાને લઈ મેરીટ બેઈઝ પર પીએચ.ડી.માં પ્રવેશ આપવા સમિતિ ભલામણ કરે છે.

(૫) જે.આર.એફ.શોધ છાત્રા રાખી જૈનની બે માસની મેડીકલ રજા તથા આગામી બે માસની રજા યુ.જી.સી.નાં નિયમાનુસાર મંજૂર કરવા સમિતિ ભલામણ કરે છે.

Shree Somnath Sanskrit University • VERAVAL

(૬) ગુજરાત સરકારશ્રીની શોધ શિષ્યવૃત્તિ મેળવતા બે વિદ્યાર્થીઓ (૧) હાર્દિક કલ્યાણી તથા (૨) રાહુલ કુમાર ઝાએ નિયમાનુસાર કેમ્પસ પર રહી પોતાનો પીએચ.ડી.નો અભ્યાસક્રમ કરવાનો થાય છે. પરંતુ આ બંને વિદ્યાર્થીઓએ કેમ્પસ પર શોધ શિષ્યવૃતિ મંજૂર થયા બાદ હાજર થયેલા ન હોય સમિતિ ગુજરાત સરકારશ્રીનાં શોધ શિષ્યવૃત્તિનાં નિયમાનુસાર કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૭) છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટની કામગીરીમાં સંશોધન વિભાગ આ અંગેની તમામ વહીવટી કામગીરી કરશે જયારે અનુસ્નાતક વિભાગ શૈક્ષણિક કામગીરી કરશે. આમ બંને વિભાગ સંયુકત પણે આ કામગીરી કરશે તેમ સમિતિ ભલામણ કરે છે.

(૮) સભ્યશ્રીઓનાં સૂચન :–

(૧) ડો.એન.એલ.પંડયા સાહેબ દ્વારા સુચન કરવામાં આવેલ કે શોધ છાત્રનાં પીએચ.ડી.નાં અંતિમ વાયવા વખતે શોધછાત્રની ફાઈલ જે તે માર્ગદર્શકશ્રી અને બાહય રેફરીશ્રીને બતાવવામાં આવે જેથી તેઓને આવેલ રિપોર્ટ જોઈ શકાય.

(૯) અધ્યક્ષશ્રીનું સૂચન :–

સમિતિનાં અધ્યક્ષશ્રીએ સૂચન કરેલ કે યુનિવર્સિટીની પ્રથમ ઓળખ તેનાં સંશોધનની ગુણવત્તાથી થાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને અત્રેની યુનિવર્સિટીમાં સંશોધન કાર્ય ગુણવત્તાયુકત અને સાતત્યપૂર્ણ થાય તે રીતે આયોજન કરવું જોઈએ.

Shree Somnath Sanskrit University • VERAVAL

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ